**26.08.2025** પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

“ મીઠાં બાળકો - જ્ઞાન સાગર બાપ આવ્યાં છે જ્ઞાન વર્ષા કરી આ ધરતી ને સબ્જ ( સુખમય ) બનાવવાં , હમણાં સ્વર્ગ ની સ્થાપના થઈ રહી છે , આમાં જવાં માટે દૈવી સંપ્રદાય નાં બનવાનું છે”

પ્રશ્ન :- સર્વોત્તમ કુળ વાળા બાળકો નું મુખ્ય કર્તવ્ય શું છે?

ઉત્તર :- સદા ઊંચી રુહાની સેવા કરવી. અહીં બેઠાં તથા હરતાં-ફરતાં ખાસ ભારત અને સામાન્ય રીતે આખાં વિશ્વ ને પાવન બનાવવું, શ્રીમત પર બાપ નાં મદદગાર બનવું - આ જ સર્વોત્તમ બ્રાહ્મણો નું કર્તવ્ય છે.

ગીત :- જો પિયા કે સાથ હૈ...

ઓમ્ શાંતિ ! મીઠાં-મીઠાં રુહાની બાળકો પ્રત્યે રુહાની બાપ સમજાવી રહ્યાં છે જે રુહાની બાપ ની સાથે છે કારણકે બાપ છે જ્ઞાન નાં સાગર. કયા બાપ? શિવબાબા. બ્રહ્મા બાબા ને જ્ઞાન નાં સાગર નહીં કહેવાશે. શિવબાબા જેમને જ પરમપિતા પરમાત્મા કહેવાય છે. એક છે લૌકિક શરીરધારી પિતા, બીજા છે પારલૌકિક રુહાની પિતા. તે શરીર નાં પિતા, એ આત્માઓ નાં પિતા. આ ખૂબ સારી રીતે સમજવાની વાતો છે અને આ જ્ઞાન સંભળાવવા વાળા છે જ્ઞાન સાગર. જેમ ભગવાન સૌનાં એક છે, એમ જ્ઞાન પણ એક આપી શકે છે. બાકી જે શાસ્ત્ર ગીતા વગેરે વાંચે છે, ભક્તિ કરે છે તે કોઈ જ્ઞાન નથી, તેનાથી જ્ઞાન વર્ષા નથી થતી, એટલે ભારત બિલકુલ જ સુકાઈ ગયું છે. કંગાળ થઈ ગયું છે. તે વરસાદ પણ નથી પડતો તો જમીન વગેરે બધું સુકાઈ જાય છે. તે છે ભક્તિમાર્ગ. તેને જ્ઞાન માર્ગ નહીં કહેવાશે. જ્ઞાન થી સ્વર્ગ ની સ્થાપના થાય છે. ત્યાં હંમેશા ધરતી સબ્જ રહે છે, ક્યારેય સુકાતી નથી. આ છે જ્ઞાન નું ભણતર. ઈશ્વર બાપ જ્ઞાન આપીને દૈવી સંપ્રદાય બનાવે છે. બાપે સમજાવ્યું છે હું આપ સર્વ આત્માઓ નો બાપ છું. પરંતુ મને અને મારા કર્તવ્ય ને ન જાણવાનાં કારણે જ મનુષ્ય આટલાં પતિત, દુઃખી, નિધન નાં બની ગયા છે. પરસ્પર લડતા રહે છે. ઘર માં બાપ નથી હોતાં, બાળકો લડે છે તો કહે છે ને કે તમારા બાપ છે કે નથી? આ સમયે પણ આખી દુનિયા બાપ ને જાણતી નથી. ન જાણવાનાં કારણે આટલી દુર્ગતિ થઈ છે. જાણવાથી સદ્દગતિ થાય છે. સર્વ નાં સદ્દગતિ દાતા એક છે. એમને બાબા કહેવાય છે. એમનું નામ શિવ જ છે. એમનું નામ ક્યારેય બદલાઈ નથી શકતું. જ્યારે સંન્યાસ કરે છે તો નામ બદલે છે ને? લગ્ન માં પણ કુમારી નું નામ બદલે છે. આ અહીં ભારત માં રિવાજ છે. બહાર આવું નથી હોતું. આ શિવબાબા બધાનાં મા-બાપ છે. ગાય પણ છે તુમ માત-પિતા... ભારત માં જ પોકારે છે- તુમ્હરી કૃપા સે સુખ ઘનેરે... એવું નથી કે ભક્તિમાર્ગ માં ભગવાન કૃપા કરતા આવ્યાં છે. ના, ભક્તિ માં સુખ ઘનેરા (અથાહ) હોતાં જ નથી. બાળકો જાણે છે સ્વર્ગ માં બહુજ સુખ છે. તે નવી દુનિયા છે. જૂની દુનિયામાં દુઃખ જ હોય છે. જે જીવતે જીવ સારી રીતે મરેલા છે એમનાં નામ બદલી શકાય છે. પરંતુ માયા જીતી લે છે તો બ્રાહ્મણ થી બદલાઈ શુદ્ર બની જાય છે એટલે બાબા નામ નથી રાખતાં. બ્રાહ્મણો ની માળા તો હોતી નથી. આપ બાળકો સર્વોત્તમ ઊંચ કુળ વાળા છો. ઊંચી રુહાની સેવા કરો છો. અહીંયા બેઠાં તથા હરતાં-ફરતાં તમે ભારત ની ખાસ અને સામાન્ય રીતે વિશ્વ ની સેવા કરો છો. વિશ્વ ને તમે પવિત્ર બનાવો છો. તમે છો બાપ નાં મદદગાર. બાપ ની શ્રીમત પર ચાલી તમે મદદ કરો છો. આ ભારત જ પાવન બનવાનું છે. તમે કહેશો આપણે કલ્પ-કલ્પ ભારત ને પવિત્ર બનાવી પવિત્ર ભારત પર રાજ્ય કરીએ છીએ. બ્રાહ્મણ થી પછી આપણે ભવિષ્ય દેવી-દેવતા બનીએ છીએ. વિરાટ રુપ નું ચિત્ર પણ છે. પ્રજાપિતા બ્રહ્મા નાં બાળકો બ્રાહ્મણ જ થયાં. બ્રાહ્મણ ત્યારે હશે જ્યારે પ્રજાપિતા સન્મુખ હશે. હમણાં તમે સન્મુખ છો. તમે દરેક પ્રજાપિતા બ્રહ્મા ની સંતાન પોતાને સમજો છો. આ યુક્તિ છે. સંતાન સમજવા થી ભાઈ-બહેન બની જાય છે. ભાઈ-બહેન ની ક્યારેય ક્રિમિનલ આંખ (કુદૃષ્ટિ) ન હોવી જોઈએ. હવે બાપ ઓર્ડીનન્સ (કાયદો) કાઢે છે કે તમે ૬૩ જન્મ પતિત રહ્યાં છો, હવે પાવન દુનિયા સ્વર્ગ માં ચાલવા ઈચ્છો છો તો પવિત્ર બનો. ત્યાં પતિત આત્મા જઈ નથી શકતો એટલે જ મુજ બેહદ નાં બાપ ને તમે બોલાવો છો. આ આત્મા શરીર દ્વારા વાત કરે છે. શિવબાબા પણ કહે છે હું આ શરીર દ્વારા વાત કરું છું. નહીં તો હું કેવી રીતે આવું? મારો જન્મ દિવ્ય છે. સતયુગ માં છે દૈવીગુણો વાળા દેવતાઓ. આ સમયે છે આસુરી ગુણો વાળા મનુષ્ય. અહીં નાં મનુષ્યો ને દેવતા નહીં કહેવાશે. પછી ભલે કોઈ પણ હોય નામ તો ખૂબ મોટાં-મોટાં રાખી દે છે. સાધુ પોતાને શ્રી શ્રી કહે છે અને

મનુષ્યો ને શ્રી કહે છે કારણ કે પોતે પવિત્ર છે એટલે શ્રી શ્રી કહે છે. છે તો મનુષ્ય. ભલે વિકાર માં નથી જતા પરંતુ વિકારી દુનિયામાં તો છે ને? તમે ભવિષ્ય માં નિર્વિકારી દૈવી દુનિયા માં રાજ્ય કરશો. હશે ત્યાં પણ મનુષ્ય પરંતુ દૈવીગુણો વાળા હશે. આ સમયે મનુષ્ય આસુરી ગુણો વાળા પતિત છે. ગુરુનાનકે પણ કહ્યું છે મૂત પલીતી કપડ ધોયે... ગુરુનાનક પણ બાપ ની મહિમા કરે છે.

હવે બાપ આવ્યાં છે સ્થાપના અને વિનાશ કરવાં. બીજા જે પણ ધર્મ સ્થાપક છે તે ફક્ત ધર્મ સ્થાપન કરે છે બીજા ધર્મો નો વિનાશ નથી કરતા, તેમની તો વૃદ્ધિ થતી રહે છે. હવે બાપ વૃદ્ધિ ને બંધ કરે છે. એક ધર્મ ની સ્થાપના અને અનેક ધર્મો નો વિનાશ કરાવી દે છે. ડ્રામા અનુસાર આ થવાનું જ છે. બાપ કહે છે હું આદિ સનાતન દેવી-દેવતા ધર્મ ની સ્થાપના કરાવું છું, જેનાં માટે તમને ભણાવી રહ્યો છું, સતયુગ માં અનેક ધર્મ હોતાં જ નથી. ડ્રામા માં આ બધા ની પાછા જવાની નોંધ છે. આ વિનાશ ને કોઈ ટાળી નથી શકતું. વિશ્વ માં શાંતિ ત્યારે થાય છે જ્યારે વિનાશ થાય છે. આ લડાઈ દ્વારા જ સ્વર્ગ નાં ગેટ (દ્વાર) ખુલે છે. આ પણ તમે લખી શકો છો કે આ મહાભારી લડાઈ કલ્પ પહેલાં પણ થઈ હતી. તમે પ્રદર્શન નું ઉદ્દઘાટન કરાવો છો તો આ લખો. બાપ પરમધામ થી આવ્યાં છે - હેવન નું ઉદ્દઘાટન કરવાં. બાપ કહે છે હું હેવનલી ગોડફાધર હેવન નું ઉદ્દઘાટન કરવા આવ્યો છું. બાળકો ની જ મદદ લઉં છું, સ્વર્ગવાસી બનાવવા માટે. આટલાં બધા આત્માઓ ને પાવન નહીં તો કોણ બનાવે. અનેક આત્માઓ છે. ઘર-ઘર માં તમે આ સમજાવી શકો છો. ભારતવાસી, તમે સતોપ્રધાન હતાં પછી ૮૪ જન્મો બાદ તમોપ્રધાન બન્યાં છો. હવે ફરી સતોપ્રધાન બનો. મનમનાભવ. એવું ન કહો કે અમે શાસ્ત્રો ને નથી માનતાં. બોલો, શાસ્ત્રો ને અને ભક્તિમાર્ગ ને તો અમે માનતા હતાં પરંતુ હવે આ ભક્તિમાર્ગ ની રાત પૂરી થાય છે. જ્ઞાન થી દિવસ શરું થાય છે. બાપ આવ્યાં છે સદ્દગતિ કરવાં. સમજાવવા ની ખૂબ યુક્તિ જોઈએ. કોઈ સારી રીતે ધારણા કરે છે, કોઈ ઓછી કરે છે. પ્રદર્શન માં પણ જે સારા-સારા બાળકો છે-તે સારું સમજાવે છે. જેમ બાપ શિક્ષક છે તો બાળકોએ પણ શિક્ષક બનવું પડે. ગવાય પણ છે સદ્દગુરુ તારે, બાપ ને કહેવાય છે સચખંડ ની સ્થાપના કરવા વાળા સાચાં બાબા. જુઠ ખંડ સ્થાપન કરવા વાળો છે રાવણ. હવે જ્યારે સદ્દગતિ કરવા વાળા મળ્યાં છે તો પછી આપણે ભક્તિ કેવી રીતે કરીશું? ભક્તિ શીખવાડવા વાળા છે અનેક ગુરુ લોકો. સદ્દગુરુ તો એક જ છે. કહે પણ છે સદ્દગુરુ અકાળ... છતાં પણ અનેક ગુરુ બનતા રહે છે. સંન્યાસી, ઉદાસી અનેક પ્રકાર નાં ગુરુ લોકો હોય છે. સિક્ખ લોકો પોતે જ કહે છે સદ્દગુરુ અકાળ... અર્થાત્ જેમને કાળ નથી ખાતો. મનુષ્યો ને તો કાળ ખાઈ જાય છે. બાપ સમજાવે છે મનમનાભવ. તેમનું પછી છે જપ સાહેબ કો તો સુખ મિલે... મુખ્ય બે શબ્દો છે. બાપ કહે છે મને યાદ કરો - જપ સાહેબ ને. સાહેબ તો એક છે. ગુરુનાનકે પણ એમનાં માટે ઈશારો કર્યો છે કે એમને જપો. હકીકત માં તમારે જપવાનું નથી, યાદ કરવાના છે. આ છે અજપાજાપ. મુખ થી કાંઈ બોલો નહીં. શિવ-શિવ પણ કહેવાનું નથી. તમારે તો જવાનું છે શાંતિધામ. હવે બાપ ને યાદ કરો. અજપાજાપ પણ એક જ હોય છે જે બાપ શીખવાડે છે. તે કેટલાં ઘંટ વગાડે, અવાજ કરે, મહિમા કરે છે. કહે છે અચ્યુતમ્ કેશવમ્... પરંતુ એક પણ શબ્દ ને સમજતા નથી. સુખ આપવા વાળા તો એક જ બાપ છે. વ્યાસ પણ એમને જ કહેવાશે. એમનાં માં નોલેજ છે જે આપે છે. સુખ પણ એ જ આપે છે. આપ બાળકો સમજો છો - હવે આપણી ચઢતી કળા થાય છે. સીડી માં કળાઓ ને પણ દેખાડી છે. આ સમયે કોઈ કળા નથી, મુજ નિર્ગુણ હારે મેં... એક નિર્ગુણ સંસ્થા પણ છે. હવે બાપ કહે છે - બાળક તો મહાત્મા જેવું હોય છે. એમનાં માં કોઈ અવગુણ નથી, તેમનું પછી નામ રાખી દે છે નિર્ગુણ બાળક. જો બાળક માં ગુણ નથી તો બાપ માં પણ નથી. બધામાં અવગુણ છે. ગુણવાન ફક્ત દેવતાઓ બને છે. નંબરવન અવગુણ છે જે બાપ ને નથી જાણતાં. બીજો અવગુણ છે જે વિષય સાગર માં ગોથા ખાય છે. બાપ કહે છે અડધોકલ્પ તમે ગોથા ખાધાં છે. હવે હું જ્ઞાન સાગર તમને ક્ષીરસાગર માં લઈ જાઉં છું, હું તો ક્ષીરસાગર માં જવા માટે તમને શિક્ષા આપું છું. હું આમની બાજુ માં આવીને બેસું છું, જ્યાં આત્મા રહે છે. હું સ્વતંત્ર છું. ક્યાંય પણ આવી-જઈ શકું છું. તમે પિતૃ ને ખવડાવો છો તો આત્મા ને ખવડાવો છો ને? શરીર તો ભસ્મ થઈ જાય છે. તેને જોઈ પણ નથી શકતાં. સમજો છો ફલાણા નાં આત્મા નું શ્રાદ્ધ છે. આત્મા ને બોલાવાય છે-આ પણ ડ્રામા માં પાર્ટ છે. ક્યારેક આવે છે, ક્યારેક નથી પણ આવતો. કોઈ બતાવે છે, કોઈ નથી પણ બતાવતાં. અહીં પણ આત્મા ને બોલાવે છે, આવીને બોલે છે. પરંતુ એવું નથી બતાવતો કે ફલાણી જગ્યાએ જન્મ લીધો છે. ફક્ત એટલું કહેશે કે હું ખૂબ સુખી છું, સારા ઘર માં જન્મ લીધો છે. સારા જ્ઞાન વાળા બાળકો સારા ઘર માં જશે. ઓછા જ્ઞાન વાળા ઓછું પદ મેળવશે. બાકી સુખ તો છે. રાજા બનવું સારું છે કે દાસી બનવું સારું? રાજા બનવું છે તો આ ભણતર માં લાગી જાઓ. દુનિયા તો ખૂબ ગંદી છે. દુનિયાનાં સંગ ને કહેવાશે કુસંગ. એક સત્ નો સંગ જ પાર કરે છે, બાકી બધા ડુબાડે છે. બાપ તો બધાની જન્મપત્રી જાણે છે ને?

આ પાપ ની દુનિયા છે, ત્યારે તો પોકારે છે - બીજે ક્યાંક લઈ જાઓ. હવે બાપ કહે છે - મીઠાં-મીઠાં બાળકો, મારા બનીને પછી મારી મત પર ચાલો. આ ખૂબ ગંદી દુનિયા છે. કરપ્શન (ભ્રષ્ટાચાર) છે. લાખો-કરોડો રુપિયા ની ઠગી થાય છે. હવે બાપ આવ્યાં છે બાળકો ને સ્વર્ગ નાં માલિક બનાવવાં તો અથાહ ખુશી થવી જોઈએ ને? હકીકત માં આ છે સાચ્ચી ગીતા. પછી આ જ્ઞાન પ્રાયઃલોપ થઈ જશે. હમણાં તમને આ જ્ઞાન છે પછી બીજો જન્મ લેશો તો જ્ઞાન ખલાસ. પછી છે પ્રાલબ્ધ. તમને પુરુષોત્તમ બનાવવા માટે બાપ ભણાવે છે. હમણાં તમે બાપ ને જાણ્યાં છે. હવે અમરનાથ ની યાત્રા થાય છે. બોલો, જેને સૂક્ષ્મવતન માં દેખાડો છો તે પછી સ્થૂળવતન માં ક્યાંથી આવ્યાં? પહાડ વગેરે તો અહીં છે ને? ત્યાં પતિત હોઈ કેવી રીતે શકે? જે પાર્વતી ને જ્ઞાન આપે છે. બરફ નું લિંગ હાથે થી બનાવે છે. તે તો ક્યાંય પણ બનાવી શકાય છે. મનુષ્ય કેટલાં ધક્કા ખાય છે. સમજતા નથી કે શંકર ની પાસે પાર્વતી ક્યાંથી આવી જે તેમને પાવન બનાવશે. શંકર કોઈ પરમાત્મા નથી, તે પણ દેવતા છે. મનુષ્ય ને કેટલું સમજાવાય છે છતાં પણ સમજતા નથી. પારસબુદ્ધિ બની નથી શકતાં. પ્રદર્શન માં કેટલાં આવે છે. કહેશે નોલેજ તો ખૂબ સરસ છે. બધાએ લેવી જોઈએ. અરે તમે તો લો. કહેશે અમને ફુરસદ નથી. પ્રદર્શન માં આ પણ લખવું જોઈએ કે આ લડાઈ પહેલાં બાપ સ્વર્ગ નું ઉદ્દઘાટન કરી રહ્યાં છે. વિનાશ પછી સ્વર્ગ નાં દ્વાર ખુલી જશે. બાબાએ કહ્યું હતું દરેક ચિત્ર માં લખો - પારલૌકિક પરમપિતા પરમાત્મા ત્રિમૂર્તિ શિવ ભગવાનુવાચ. ત્રિમૂર્તિ ન લખવાથી કહેશે શિવ તો નિરાકાર છે, એ કેવી રીતે જ્ઞાન આપશે? સમજાવાય છે આ જ પહેલાં ગોરા હતાં, કૃષ્ણ હતાં પછી હવે શ્યામ મનુષ્ય બન્યાં છે. હવે તમને મનુષ્ય થી દેવતા બનાવે છે. ફરી હિસ્ટ્રી રિપીટ (પુનરાવૃત્તિ) થવાની છે. ગાયન પણ છે મનુષ્ય સે દેવતા કિયે... પછી સીડી ઉતરી મનુષ્ય બને છે. ફરી બાપ આવીને દેવતા બનાવે છે. બાપ કહે છે મારે આવવું પડે છે. કલ્પ-કલ્પ, કલ્પ નાં સંગમયુગે આવું છું. યુગે-યુગે કહેવું રોંગ (ખોટું) છે. હું સંગમયુગ પર આવીને તમને પુણ્ય આત્મા બનાવું છું. પછી રાવણ તમને પાપ આત્મા બનાવે છે. બાપ જ જૂની દુનિયા ને નવી દુનિયા બનાવે છે. આ સમજવાની વાતો છે. અચ્છા.

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ સમાન શિક્ષક બનવાનું છે, ખૂબ યુક્તિ થી બધાને આ જુઠખંડ માંથી કાઢી સચખંડ માં ચાલવા લાયક બનાવવાનાં છે.
2. દુનિયા નો સંગ કુસંગ છે, એટલે કુસંગ થી કિનારો કરી એક સત્ નો સંગ કરવાનો છે. ઊંચ પદ માટે આ ભણતર માં લાગી જવાનું છે. એક બાપ ની મત પર જ ચાલવાનું છે.

વરદાન :- પોતાનું સર્વસ્વ સેવા માં અર્પિત કરવા વાળા ગુપ્ત દાની પુણ્ય આત્મા ભવ

જે પણ સેવા કરો છો એને વિશ્વ કલ્યાણ માટે અર્પિત કરતા ચાલો. જેમ ભક્તિ માં જે ગુપ્ત દાની પુણ્ય આત્મા હોય છે તે એ જ સંકલ્પ કરે છે કે સર્વ નાં પ્રત્યે ભલું થાય. એમ તમારા દરેક સંકલ્પ સેવા માં અર્પિત હોય. ક્યારેય પોતાપણા ની કામના ન રાખો. સર્વ પ્રત્યે સેવા કરો. જે સેવા વિઘ્ન રુપ બને એને સાચ્ચી સેવા નહીં કહેવાશે એટલે પોતાપણા ને છોડી ગુપ્ત અને સાચાં સેવાધારી બની સેવા થી વિશ્વ કલ્યાણ કરતા ચાલો.

સ્લોગન :- દરેક વાત પ્રભુ અર્પણ કરી દો તો આવવા વાળી મુશ્કેલીઓ સહજ અનુભવ થશે.

અવ્યક્ત ઈશારા - સહજયોગી બનવું છે તો પરમાત્મ - પ્રેમ નાં અનુભવી બનો

આદિકાળ, અમૃતવેલા પોતાનાં દિલ માં પરમાત્મ-પ્રેમ ને સંપૂર્ણ રુપ થી ધારણ કરી લો. જો દિલ માં પરમાત્મ પ્રેમ, પરમાત્મ શક્તિઓ, પરમાત્મ જ્ઞાન ફુલ હશે તો ક્યારેય અને કોઈ પણ તરફ લગાવ અથવા સ્નેહ જઈ નથી શકતો. બાપ સાથે સાચ્ચો પ્રેમ છે તો પ્રેમ ની નિશાની છે - સમાન, કર્માતીત. 'કરાવનહાર' બનીને કર્મ કરો, કરાવો. ક્યારેય પણ મન-બુદ્ધિ અથવા સંસ્કારો નાં વશ થઈને કોઈ પણ કર્મ ન કરો.